EDII

Sandesh

March 27, 2022
Page No. 03
(Amdavad Purva)

# EDIIએ લુપ્ત થતી પટોળા વણાટકામ કળાની 30 બહેનોને તાલીમ આપી

## EDIIએ તાલીમ કાર્યક્રમમાં સફળ ઉદ્યોગ સાહસિક કેવી રીતે બની શકાય તેની ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી

**સિટી લાઈફ :** ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થા (EDII) તથા કુટિર અને ગ્રામોધ્યોગ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ધીરે ધીરે લુપ્ત થતી કળા પટોળા વણાટકામની કળા સાથે જોડાયેલા કારીગર ભાઈઓ અને બહેનો માટે પાંચ દિવસનો 'ઉદ્યોગસાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે. આમ તો પટોળે એટલે પાટણ અને સુરેન્દ્રનગરની યાદ આવે પરંતુ અમદાવાદમાં પણ પટોળા બનાવતા કારીગર છે અને તેઓ પોતાની આવડતને ધંધાની નજરથી જોવા તે ઉદ્દેશ્યથી આ કાર્યક્રમનું આયોજન કરાયું. EDII અને સંયુક્ત સંસ્થાઓ દ્વારા હસ્તકલાનું કામ કરતા કારીગરોને પડતી તકલીફો દૂર કરી, તેઓના ધંધાના વિકાસ માટે જરૂરી તાલીમ આપી, તેમના ધંધાને લગતા કારીગર તરીકેના ઓળખ કાર્ડ અપાવવા તથા તેઓને સરકારી સહાય સાથે જોડવા માટેના ઉદ્દેશ સાથે હસ્તકલાસેતુ યોજના તૈયાર કરવામાં આવી છે. જે અંતર્ગત વણાટકામ અને પટોળા બનાવવાની કામગીરી સાથે જોડાયેલા ૩૦ જેટલા હસ્તકલાના કારીગરોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ઉદ્યોગ સાહસિકતા અને તેનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું તેમજ સફળ ઉદ્યોગસાહસિક કઇ રીતે બની શકાય તેની ઊંડાણપૂર્વકની સમજ આપવામાં આવી હતી.

